(1) રોહતાંગ પાસ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પાસ હિમાલયની પીર–પાંજાલ શ્રેણીમાં આવેલ છે.
(2) આ પાસ લેહ તથા મનાલીને જોડે છે.
(3) લાહુલ વિસ્તારમાં વસતાં લોકો સમગ્ર દેશ સાથે આ પાસ દ્વારા જોડાયેલાં છે.
(4) અટલ ટનલ આ પાસ પર આવેલ છે.

(A) માત્ર (1), (2) અને (3)   (B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)   (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ હિમાલયમાં પૂર્વીય પીર–પાંજાલ શ્રેણીમાં 13,058 ફૂટની ઊંચાઈએ રોહતાંગ પાસ આવેલો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પાસ લેહ તથા મનાલીને જોડે છે. ઉપરાંત આ રોડ લાહુલ વિસ્તારના આદિજાતિ લોકોને સમગ્ર દેશ સાથે જોડતો એકમાત્ર રોડ છે. (આથી, વિધાન (2) અને (3) સાચાં છે.)

⇛ ઉપરાંત લદ્દાખ વિસ્તારમાં સ્થિત સૈન્ય જવાનો માટે પણ આ જીવાદોરી સમાન રોડ છે.

⇛ આ પાસ છ મહિના સુધી બરફ–આચ્છાદિત રહે છે.

⇛ 8.8 kmની અટલ ટનલ દ્વારા લેહ અને મનાલી વચ્ચેના અંતરમાં 46 kmનો ઘટાડો થશે અને પરિણામે પરિવહનમાં ફાયદો થશે. આ ટનલ રોહતાંગ પાસ પર સ્થિત છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'ઈન્ટરનેશનલ ફાયનાન્શીયલ સર્વિસ સેન્ટર ઓથોરિટી' (IFSCA) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું વડું મથક મુંબઈમાં સ્થાપવામાં આવશે.
(2) તેના દ્વારા RBI, SEBI અને IRDAIનો બોજ હળવો થશે.
(3) તેમાં 9 સભ્યો હશે.
(4) સભ્યોનો કાર્યકાળ એક વર્ષનો રહેશે.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4)  (D) માત્ર (1)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ભારત સરકારે એક નોટીફિકેશન દ્વારા **IFSCA**ની સ્થાપના કરી છે. આ ઓથોરિટીનું વડું મથક ગાંધીનગરમાં સ્થાપવામાં આવશે. (આથી, વિધાન **(1)** ખોટું છે.)

⇛ ભારતમાં રહેલા આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્રોનું નિયમન આ ઓથોરિટી દ્વારા કરવામાં આવશે.

⇛ આ ઓથોરિટીમાં ભારત સરકાર દ્વારા નિયુક્ત થયેલાં **9** સભ્યો હશે તથા દરેકનો કાર્યકાળ **3** વર્ષનો રહેશે. (આથી, વિધાન **(3)** સાચું છે, જ્યારે વિધાન **(4)** ખોટું છે.)

⇛ આ ઓથોરિટી દ્વારા વિવિધ નિયમનકારી સંસ્થાઓ જેવી કે, **SEBI, RBI** અને **IRDAI**ના કેટલાંક કાર્યો કરવામાં આવશે જેથી આ સંસ્થાઓનો બોજ હળવો થશે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ આ ઓથોરિટીના **9** સભ્યોમાં એક ચેરમેન, નાણાં મંત્રાલયના બે સભ્યો, સર્ચ કમિટી દ્વારા ભલામણ કરેલ લોકોમાંથી બે સભ્યો તથા **RBI, SEBI, IRDAI** અને **PFRDA**માંથી એક–એક સભ્યનો સમાવેશ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (3) 'VITAL' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરું નામ Ventilator Intervention Technology Accessible Locally છે.
(2) તે એક ઊંચું દબાણ ધરાવતું વેન્ટીલેટર છે.
(3) તેની રચના ઈસરો દ્વારા કરવામાં આવેલી છે.
(4) તેનું મેઈન્ટેઈનન્સ સામાન્ય વેન્ટીલેટર કરતાં કઠીન છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં નાસા દ્વારા 'VITAL' નામનું એક વેન્ટીલેટર બનાવવામાં આવેલું છે. તેનું પૂરું નામ 'Ventilator Intervention Technology Accessible Locally' છે. (આથી, વિધાન (1) સાચું છે, જ્યારે વિધાન (3) ખોટું છે.)

⇛ તે સરળતાથી બની શકતું ઉચ્ચા–દબાણ ધરાવતું વેન્ટીલેટર છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેની રચના મંદ લક્ષણો ધરાવતાં COVID-19ના દર્દીની સારવાર માટે કરવામાં આવી છે, જેથી સામાન્ય વેન્ટીલેટર અન્ય ગંભીર લક્ષણો દર્શાવતાં દર્દી માટે ઉપલબ્ધ રહી શકે.

⇛ આ વેન્ટીલેટર ઝડપથી બનાવી શકાય છે તથા તેનું મેઈન્ટેનન્સ પણ સામાન્ય વેન્ટીલેટરની સાપેક્ષે સરળ છે. ઉપરાંત તેમાં ઓછાં ઉપકરણોનો ઉપયોગ થયેલો છે. આ ઉપકરણો સ્થાનિક જગ્યાઓએ પણ સરળતાથી મળી શકે તેવાં છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (4) 'પીચ બ્લેક' કવાયત વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ કવાયતનું આયોજન સિંગાપોર નેવી દ્વારા કરવામાં આવે છે.

(2) ભારતે પ્રથમ વખત વર્ષ 2004માં આ કવાયતમાં ભાગ લીધો હતો.

(3) આ કવાયતની શરૂઆત વર્ષ 2001ના ન્યૂયોર્ક હુમલા બાદ કરવામાં આવી હતી.

(4) આ કવાયત દર વર્ષે દક્ષિણ હિંદ મહાસાગરમાં યોજાય છે.

(A) માત્ર (2)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ પૈકી એક પણ નહીં

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ COVID-19ના કારણે 'પીચ બ્લેક' કવાયત રદ કરવામાં આવી છે.

⇛ આ કવાયતનું આયોજન દર બે વર્ષે રોયલ ઓસ્ટ્રેલિયન એર ફોર્સ દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (1) અને (4) ખોટાં છે.)

⇛ આ કવાયત ઉત્તર ઓસ્ટ્રેલિયામાં યોજાય છે.

⇛ સૌપ્રથમ જૂન 1981માં આ કવાયત યોજાય હતી. ભારતે વર્ષ 2018માં પ્રથમ વખત આ કવાયતમાં ભાગ લીધો હતો. (આથી, વિધાન (2) અને (3) ખોટાં છે.)

⇛ આ કવાયતમાં જોડાતાં અન્ય દેશોમાં કેનેડા, ફ્રાંસ, જર્મની, નેધરલેન્ડ, ઈન્ડોનેશિયા, યુ.એસ., મલેશિયા વગેરેનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(5) 'વર્લ્ડ ડે ફોર સેફ્ટી એન્ડ હેલ્થ એટ વર્ક' માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ દિવસ દર વર્ષે 30 એપ્રિલના રોજ ઉજવવામાં આવે છે.
(2) આ દિવસની વર્ષ 2020 માટેની થીમ 'સ્ટોપ ધ પેન્ડેમીક' છે.
(3) આ દિવસ 'આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન' દ્વારા ઉજવવામાં આવે છે.
(4) આ દિવસ 'Global Strategy on Occupational Safety and Health' હેઠળ ઉજવવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ દર વર્ષે 28 એપ્રિલના રોજ 'વર્લ્ડ ડે ફોર સેફ્ટી એન્ડ હેલ્થ એટ વર્ક' ઉજવવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ COVID-19ના કારણે કાર્યકર્તાઓ, શ્રમિકો, કારીગરો વગેરેને ઘણી તકલીફો પડી રહી છે.

⇛ આ વર્ષે આ દિવસ માટેની થીમ 'સ્ટોપ ધ પેન્ડેમીક' છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન દ્વારા વર્ષ 2003થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ કાર્યસ્થળ પર વધતાં જતાં ખતરાઓને ધ્યાનમાં રાખીને આ દિવસ ઉજવવામાં આવે છે. નવી ટેક્નોલોજી તથા નવી ઉત્પાદન પદ્ધતિઓના કારણે નવા ખતરાઓ પણ જોવા મળ્યાં છે.

⇛ 'Global Strategy on Occupational Safety and Health' હેઠળ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

# સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT